ગુજરાતમિત્ર

Surat 11 July, 2018



# ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં એમ.એસસીના અભ્યાસક્રમનો આરંભ

## **કેમેસ્ટ્રી** તેમજ માઇક્રોબાયોલોજીમાં એમ.એસસીના અભ્યાસક્રમને વીર નર્મદ યુનિવર્સિટીની મંજૂરી

ધરમપુર : ધરમપુર-કપરાડા વિસ્તારમાં ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠમાં વિજ્ઞાનપ્રવાહની અદ્યતન સુવિધા સાથેની કોલેજના ટી.વાઇ.બી.એસસીના પ્રથમ બેચનું પરિણામ ૮૫ ટકા આવ્યું છે. હવે વધુ એક વિરાટ પગલું ભરીને શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ સાયન્સ કોલેજમાં એમ.એસસીના અભ્યાસક્રમનો આ વર્ષથી આરંભ થઇ રહયો છે. આ વિસ્તારના વિદ્યાર્થીઓને ઘરઆંગણે વિજ્ઞાનપ્રવાહનું ઉત્તમ અને ઉચ્ચતર શિક્ષણ પ્રાપ્ત થઇ શકશે.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન શ્રીમદ્ રાજચંદ્ર વિદ્યાપીઠ સાયન્સ કોલેજમાં કેમિસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, બોટની અને મેથેમેટિક્સમાં બી.એસસીનો અભ્યાક્રમ ધરાવે છે. હવે અહીં કેમેસ્ટ્રી તથા માઇક્રોબાયોલોજીમાં એમ.એસસીનો અભ્યાસક્રમ પણ શરૂ થઇ રહયો છે. શ્રીમદ્ રાજચંદ્ર મિશન ધરમપુરના પ્રબુદ્ધ સંસ્થાપક ગુરૂદેવ રાકેશભાઇની પ્રેરણા અને માર્ગદર્શનથી કરંજવેરી ગામમાં માન નદીને કિનારે નૈસર્ગિક વાતાવરણમાં, વિશાળ જગ્યામાં શહેર જેવી સુવિધા સાથે કોલેજ શરૂ કરવામાં આવી છે. તેનું લોકાર્પણ રાજયના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીએ ગુરૂદેવની ઉપસ્થિતિમાં કર્યુ હતું. આ વિદ્યાપીઠમાં વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને ધ્યાનમાં રાખવામાં આવે છે. ઉચ્ચ શિક્ષણ પ્રદાન કરવા અહીં અનુભવી અને તજજ્ઞ સ્ટાફ, આધુનિક સુસજ્જ પ્રયોગશાળાઓ, કમ્પ્યુટર લેબ, અદ્યતન ગ્રંથાલય, ઓડિયો-વિડિયો સહિતના લેક્ચર રૂમની સુવિધા છે. રમતગમતનું મેદાન, યોગાભ્યાસ, કલા કૌશલ્ય પ્રવૃત્તિ, અંગ્રેજી ભાષાનું પ્રભુત્વ મેળવવા વર્ગો જેવી સુવિધા છે. વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ થાય અને આર્થિક, સામાજિક સ્તરે સ્વનિર્ભર બની દેશના જવાબદાર નાગરિક બને એ આ વિદ્યાપીઠનું મુખ્ય લક્ષ્ય છે. આ વર્ષથી અહીં એમ.એસસીના વર્ગો શરૂ થતાં હવે આ વિસ્તારના લોકોને ઉચ્ચતર અભ્યાસ માટે બહાર જવાની જરૂર રહેશે નહીં.